1. કચ્છવા (કુશાવાડા) રાજપૂતોના શાસનની સમજૂતી આપો.

➤ "અંબર કે આમેર" (વર્તમાન જયપુર) માં સૂર્યવંશી કચ્છવા (કુશાવાહા) રાજપૂતોનું શાસન હતું. આ રાજ્યની સ્થાપના દસમી સદીમાં થઈ. શરૂઆતમાં તે મેવાડના રમાધિપત્ય નીચે હતું. 14મી સદીમાં આ રાજ્યને રાજકીય મહત્ત્વ પ્રાપ્ત થયું. અંબરના રાજા ભારમલ (બિહારીમલ) પોતાની પુત્રી હરખાબાઈને અકબર સાથે પરણાવી હતી. ઈ. સ. 1947 સુધી જયપુર અને જોધપુરનાં રાજ્યો સ્વાયત્ત રહ્યાં હતાં. જયપુરનો હવામહેલ, જોધપુરનો રાજમહેલ અને આમેરનો કિલ્લો ક્લા અને સ્થાપત્યની દષ્ટિએ મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

2. બંગાળના 'સેનવંશ'ની સમજૂતી આપો.

➤ બંગાળમાં પાલવંશની સત્તા નિર્બળ બનતાં બારમી સદીની શરૂઆતમાં પૂર્વ બંગાળ અને ઉત્તર બંગાળનો કેટલોક પ્રદેશ કબજે કરીને સામંતસેને 'સેનવંશ'નું સ્વતંત્ર શાસન સ્થાપ્યું. તેમની રાજધાની કાશીપુર (હાલનું કાલિયારી) હતી. સેનવંશના રાજાઓ કલ્યાણીના ચાલુક્ય યુવરાજ વિક્રમાદિત્ય છઠ્ઠાની સાથે બંગાળમાં આવ્યા હોવાનું મનાય છે. સેનવંશમાં વિજયસેન, બલ્લાલસેન અને લક્ષ્મણસેન નામના પ્રતાપી રાજાઓ થઈ ગયા. તેમણે બંગાળમાં શેવ તથા વૈષ્ણવ સંપ્રદાયને ખૂબ જ ઉત્તેજન આપ્યું. સેનરાજાઓ વિદ્વાન અને સંસ્કારી હતા. તેમણે સાહિત્ય અને કલાને ઉત્તેજન આપ્યું હતું. 'ગીતગોવિંદ' જેવી પ્રખ્યાત કૃતિ રચનાર કવિ જયદેવ લક્ષ્મણસેનનો દરબારી કવિ હતો. અખત્યાર ખિલજીએ બંગાળ પર આક્રમણ કરી સેનવંશની સત્તાનો અંત આવ્યો.

3. રાજપૂત યુગ એ ઇતિહાસનો એક યાદગાર યુગ શાથી કહેવાય છે ?

➤ રાજપૂત રાજાઓએ ઈ. સ. 700થી 1200 સુધીના 500 વર્ષના સમયગાળા દરમિયાન મોટા ભાગના ઉત્તર ભારત પર વર્ચસ્વ જમાવી "રાજપૂત યુગ"નું સર્જન કર્યું. આ યુગ દરમિયાન ઉત્તર અને પશ્ચિમ ભારતમાં લગભગ બધી જ જગ્યાએ રાજપૂતોનું રાજકીય વર્ચસ્વ સ્થપાયેલું હતું. આ સમય દરમિયાન ભારત પર થયેલાં મુસ્લિમ આક્રમણોનો તેમણે સબળ પ્રતિકાર કર્યો હતો. રાજપૂતોએ સાહિત્ય, વિદ્યા અને કલાને પણ ઉત્તેજન આપ્યું. રાજપૂત યુગે જેમ વીર યોદ્ધાઓ આ કવિઓ, કલાકારો અને વિદ્વાનો પણ આપ્યા. રાજપૂતોએ સાહિત્યના અમૂલ્ય ગ્રંથો, ભવ્ય મંદિર અને સ્થાપત્યકલાના નમૂનાઓ આપ્યા છે. આથી રાજપૂત યુગે એ ઇતિહાસની એક યાદગાર યુગ કહેવાય છે.

4. સોલંકીકાલીન ગુજરાત જનજીવનમાં સાર્વત્રિક ક્ષેત્રોમાં શાથી શ્રેષ્ઠ હતું?

➤ ગુજરાતમાં સૌલંકીવંશના શાસનકાળ ઇતિહાસ માં 'સુવર્ણયુગ' ગણાય છે. સોલંકીવંશના રાજાઓ શક્તિશાળી, પ્રજાકલ્યાણવાદી, સહિષ્ણ તથા સાહિત્ય અને કલાના શોખીન હતા. તેમના વહીવટ નીચે ગુજરાતમાં શાંતિ અને સમૃદ્ધિ રહ્યાં હતા. પરિણામે સાહિત્ય, શિલ્પ અને સ્થાપત્યક્તાનો સારો વિકાસ હતો. આ સમયના સ્થાપત્યોમાં સિદ્ધપુરનો રુદ્રમહાલય, મોઢેરાનું સૂર્યમંદિર, વડનગરનું કીર્તિતોરણ, સોમનાથનું શિવમંદિર તથા વસ્તુપાલ અને તેજપાલે બંધાવેલાં લુણવસતિનાં મંદિરો મધ્યકાલીન ગુજરાતની સ્થાપત્યકલાના શ્રેષ્ઠ નમૂનાઓ તરીકે ભારતભરમાં પ્રખ્યાત છે. વડનગરનું કીર્તિતોરણ ભારતભરમાં મોટામાં મોટું અને અને અલંકૃત છે. આમ, સોલંકીકાલીન ગુજરાત જનજીવનમાં સાર્વત્રિક ક્ષેત્રોમાં શ્રેષ્ઠ હતું.

5. રાજપૂત યુગનો સાહિત્યિક વારસો શાથી ગૌરવસભર છે?

➢ રાજપૂત રાજાઓ સાહિત્યપ્રિય અને વિદ્વત્તાપૂજક હતા. એમના દરબારના ચારણ અને બારોટ કવિઓએ પોતાની સાહિત્યરચનાઓ દ્વારા નવા યુગનું સર્જન કર્યું. સમ્રાટ પથ્વીરાજ ચૌહાણના દરબારી કવિ ચંદ બારોટે 'પૃથ્વીરાજ રાસો'ની રચના કરી. આ યુગના સાહિત્યકારોમાં ભવભૂતિ, કલ્હણ, બિલ્પણ, રાજશેખર, માઘે અને જયદેવ અત્યંત પ્રસિદ્ધ છે. રાજા ભોજનું 'આયુર્વેદસર્વસ્વ', બિલ્હણનું 'વિક્રમાંકદેવચરિત', દંડીનું 'દશકુમારચરિત', નારાયણ પંડિતનું 'હિતોપદેશ' અને સોમદેવનું 'કથાસરિત્સાગર' આ યુગની અવિસ્મરણીય રચનાઓ છે. આમ, રાજપૂત યુગનો સાહિત્યિક વારસો ગૌરવસભર છે.

6. રાજપૂત યુગનો ઇતિહાસ શાથી યાદગાર મનાય છે?

➢ વિશ્વની શુરવીર અને લડાયક જાતિઓમાં રાજપૂતો ગણતરી થાય છે. રાજપૂતો નીડર અને ઉદાર પણ હતા. રાજપૂતો પોતાના વંશ, વતન અને વચનને ખાતર સર્વત્ર ભોગ આપવા તૈયાર રહેતા. રણભૂમિમાં લડતાં લડતાં મૃત્યુને ભેટવું તેને રાજપૂતોમાં સદભાગ્ય ગણતા. રાજપૂતોનો ઇતિહાસ વીરો અને વીરાંગનાઓનાં પરાક્રમોથી ભરેલો છે. રાજપૂતા સાહિત્ય અને કલાના આશ્રયદાતા હતા. અનેક ભવ્ય મંદિરો બંધાવીને તેમણે હિન્દુ ધર્મ અને ભારતીય સંસ્કૃતિનો વારસોને સમૃદ્ધ બનાવ્યો હતો. આથી રાજપૂત યુગનો ઇતિહાસ યાદગાર મનાય છે.

7. રાજપૂતોનું પતન શાથી થયું?

➢ રાજપૂતોમાં ઉમદા સદગુણો હતા તેમ કેટલીક ઊણપો પણ હતી. તેમનામાં ખોટું કુળાભિમાન હતું. એમનામાં સંપનો અભાવ હતો. નાની-મોટી બાબતોમાં તેઓ અંદર અંદર લડ્યા કરતા. તેમની દુશ્મનાવટ પેઢી-દર-પેઢી ચાલતી. આથી રાજપૂતોનો સમય, શક્તિ અને સંપત્તિ કલહમાં જ વેડફાઈ જતાં. તેઓ વિદેશીઓ કે શત્રુઓ સામે એક થઈને લડી શક્યા નહિ. તેઓ વિલાસી અને એશ-આરામી બન્યા હતા. સંકુચિત પ્રદેશવાદ, મિથ્યા કુળાભિમાન, આંતરિક વેરઝેર તેમજ રાષ્ટ્રભાવનાના અભાવે રાજપૂતો વિદેશી તુ કોંના આક્રમણોનો લાંબા સમય સુધી સામનો કરી શક્યો નહિ. આથી છેવટે રાજપૂતોનું પતન થયું.

8. સિદ્ધરાજ જયસિંહ સોલંકી રાજાઓમાં શાથી સર્વશ્રેષ્ઠ સાથી ગણાય છે ?

➢ સિદ્ધરાજે સોરઠના રાજવી રાખેંગાર, માળવાના પરમાર રાજવી નરવર્મન, ભિન્નમાલના પરમાર રાજવીઓ, શાકંભરીના ચૌહાણ રાજવી અને ચંદેલ રાજવી મુદનવર્મનને પરાજિત કરી સોલંકી રાજ્યની સીમાઓનો વિસ્તાર કર્યો. તે પોતે પણ કલા, સ્થાપત્ય, સાહિત્ય, જ્યોતિષ, ન્યાય અને વિવિધ શાસ્ત્રોનો જાણકાર હતો. હેમચંદ્રાચાર્ય જેવા જૈન વિદ્વાન તેના દરબારમાં હતા. સિદ્ધરાજે પાટણમાં સહરલિંગ તળાવ બંધાવ્યું હતું. આથી સિદ્ધરાજ જયસિંહ સોલંકી રાજારોમાં સર્વશ્રેષ્ઠ ગણાય

9. હર્ષકાલીન પ્રાચીન ભારતને સતનતકાળ સાથે જોડવા માટે

➢ રાજપૂતકાળ ઇતિહાસની એક અગત્યની કડી શાથી ગણાય છે  સમ્રાટ હર્ષવર્ધનના અવસાન પછી ભારતના ભવ્યતમ પ્રાચીન યુગનો અંત આવ્યો. ઉત્તર ભારતના ગુર્જર પ્રતિહાર રાજવીઓએ તંત્ર સતા સ્થાપી. ઇ. સ.

950માં આ શક્તિશાળી સામ્રાજયનું પણ પતન થયું. તેના હાથ નીચે ખંડિયા રાજપૂત રાજ્યો સ્વંત્રત સતા ધરાવતા થયા. ઈ. સ. 700 થી 1200 સુધીના સમયગાળામાં મોટા ભાગ ના ઉતર ભારત પર રાજપૂતોનું વર્ચસ્વ રહ્યું. પરંતુ તેઓ ભારતનો રાજકીય, સામાજિક, આર્થિક અને સંસ્કૃતિક ઇતિહાસ ભૂલી ગયા. તેઓ પ્રબળ મુસ્લિમોના આક્રમણો સામે ટકી શક્યા નહી. આમ છતાં, હર્ષકાલીન પ્રાચીન ભારતને સલ્તનતકાળ સાથે જોડવા માટે, રાજપૂતકાળ ઇતિહાસની એક અગત્યની કડી ગણાય છે.

### 10.રાજા ભોજ સાહિત્યપ્રેમી હતા એમ શાથી કહેવાય છે?

- માળવાના પર મારવંશી રાજા ભોજ અત્યંત પરાક્રમી, સંસ્કારી, વિદ્વાન, કલાપ્રિય અને ક્લાપારખુ રાજા હતા. તે સાહિત્ય, કલા અને વિદ્યાના ઉપાસક હતા. તેણે પોતે પણ જ્યોતિષશાસ્ત્ર, યોગશાસ્ત્ર, વ્યાકરણશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર અને સ્થાપત્યકલા પર આશરે વીસ જેટલા ગ્રંથો લખ્યા હતા. ધનપાલ જેવા સાહિત્યકારો તેનો દરબાર શોભાવતા હતા. તેણે ધારાનગરીમાં સંસ્કૃતના અભ્યાસ માટે વિધાપીઠ સ્થાપી હતી. આથી એમ કહી શકાય કે, રાજા ભોજ સાહિત્યપ્રેમી હતા.

### 11.માળવાના પરમારવંશી રાજા મુંજને 'પૃથ્વીવલ્લભ'નું બિરુદ કેમ મળ્યું હતું?

- માળવાની પરમારવંશી રાજા સિય કે પરમારના ઉત્તરાધિકારી તરીકે રાજા મુંજ રાજસત્તા પર આવ્યો. તે અત્યંત પરાક્રમી અને પ્રજાહિતેચ્છુ શાસક હતો. તેણે પોતાના શાસનકાળ દરમિયાન અનેક વિજય મેળવ્યા હતા. રાજા મુંજ વિદ્વાન તથા વિદ્યા અને કલાનો ઉપાસક હતો. તેના રાજદરબારમાં હલાયુધ, ધનંજય અને પદ્મગુપ્ત જેવા અનેક વિદ્વાનો હતો. મુંજે લોકહિતનાં કાર્યો માટે છુટા હાથે ધન વાપર્યું હતું. આથી માળવાના પરમારવંશી રાજા મુંજને 'પૃથ્વીવલ્લભ'નું બિરુદ મળ્યું હતું.

### 12.રાષ્ટ્રકૂટ રાજાઓને શાથી વિદ્યાપ્રેમી ગણવામાં આવે છે ?

- રાષ્ટ્રકૂટ રાજાઓના શાસન દરમિયાન શિક્ષણનો સારો વિકાસ થયો હતો. રાજાઓ અને ધનિકો શિક્ષણસંસ્થાનોને સારું દાન આપતા હતા. કનેરીના બૌદ્ધ વિહારમાં એક વિધાલય અને પુસ્તકાલય પણ હતું. વિદ્યાર્થીઓ માટે 27 છાત્રાલયાં હતાં. શિક્ષણની સાથે સાથે સાહિત્યનો પણ સારો વિકાસ થયો હતો. રાજા અમોઘવર્ષે 'કવિરાજમાર્ગ' નામનો ગ્રંથ લખ્યો હતો. તેના ગુરુ જિનસેને 'હરિવંશપુરાણ' નામનો ગ્રંથ લખ્યો હતો. શ્રીધરે 'ગણિતસાર'ની રચના કરી હતી. પંપ, પોને અને જેના નામનાં કન્નડ ભાષાના ત્રણ કવિરાનો પણ આ જ યુગમાં થયા હતા. આથી રાષ્ટ્રકૂટ રાજાઓને વિદ્યાપ્રેમી ગાવામાં આવે છે.

### 13.મૌર્ય સામ્રાજયના પતન બાદ દખણ અને દક્ષિણ ભારતમાં શાથી સ્વતંત્ર રાજસત્તાઓ સ્થપાઈ અને વિકાસ પામી?

- મૌર્ય શાસનકાળ દરમિયાન દમણ અને દક્ષિણ ભારતનાં મોટા ભાગનાં રાજ્યો ઉત્તર ભારતના રાજકીય વર્ચસ્વ નીચે હતા. મૌર્ય સામ્રાજયના પતન બાદ એને સ્વતંત્ર રાજસત્તાખો સ્થપાઈ. ગુપ્તયુગ દરમિયાન પણ આ રાજ્યોએ પોતાની આગવી અસ્મિતા જાળવી રાખી. સમ્રાટ હર્ષવર્ધન ના અવસાન બાદ 500 વર્ષ સુધી ઉત્તર

ભારતમાં જ્યારે રાજકીય અવ્યવસ્થા અને અજંપાભરી સ્થિતિ હતી ત્યારે દષ્ણ અને દક્ષિણ ભારતની વસ્તીમાં શાંતિ, સલામતી, સમૃદ્ધિ અને સંસ્કારિતા નું વાતાવરણ જળવાઈ રહ્યું હતું જે તત્કાલીન રાજાઓની કાર્યશક્તિને આભારી ગણાય. આવા રાજ વંશોમાં દષ્ણ ના ચાલુકય, રાષ્ટ્રકૂટ, હોમસળ, યાદવ અને કાકતીય મુખ્ય હતા, જ્યારે દક્ષિણ ભારતમાં પલ્લવ અને ચોલ મુખ્ય હતા. આમ, મોર્ય સામાજયના પતન બાદ દષ્ણ અને દક્ષિણ ભારતમાં સ્વંત્રત રાજસત્તાઓ રથપાઈ અને વિકાસ પામી.

14.દિલ્લી સલ્તનતના વિઘટન પછી દક્ષિણ ભારતમાં કયાં બે મોટાં સ્વતંત્ર રાજયો અસ્તિત્વમાં આવ્યાં હતાં?

➢ દિલ્લી સલતનતના વિધટન પછી દક્ષિણ ભારતમાં આ બે મોટી સ્વતંત્ર રાજયો અસ્તિત્વમાં આવ્યાં (1) તુંગભદ્રા નદીને કિનારે વિજયનગરનું હિન્દુ રાજ્ય તથા (2) વેનગંગા અને કૃપંગા નદીની વચ્ચે બકમનીનું મુસ્લિમ રાજ્ય.

15.બહમની સલતનતનું વિભાજન કેટલાં રાજયોમાં થયું? કયાં કયાં?

➢ બહમપ્ર સલ્તનતનું વિભાજન પાંચ રાજયોમાં થયું : (1) બિજાપુરની આદિલશાહી, (2) ગોવલકોંડાની કુતુબશાહી, (3) વરાડની ઈમાદશાહી, (4) અહમદનગરની નિઝામશાહી અને (5) બીડરની બરીદશાહી.

16.બક્કારાય પ્રથમ ત્રણ સમુદ્રોનો સ્વામી’ શાથી ગણાય છે?

➢ હરિહર અને બુક્કારાયે હોયસળ રાજયના બધા પ્રદેશો જીતી લીધા. આ વિજયોથી વિજયનગરનું રાજ્ય ઉત્તરે કષ્ણા નદીથી દક્ષિણે કાવેરી નદી સુધી અને પૂર્વમાં (બંગાળાના ઉપસાગર) તથા પશ્ચિમે (અરબી) સમુદ્ર સુધી ફેલાયેલું હતું. ઈ. સ. 1357માં બુક્કારાય પ્રથમ ગાદીએ બેઠો.તેણે તમિલ પ્રદેશ જીતી લીધો. આ પછી તેણે મદુરા જીતીને છેક રામેશ્વર સુધી (હિંદ મહાસાગર) વિજયનગરના સામ્રાજ્યની સીમા વિસ્તારી. આથી બુક્કારાય પ્રથમ ત્રણ સમુદ્રોનો સ્વામી’ગણાય છે.

17.કોના સમયમાં વિજયનગરની સત્તા અને પ્રતિષ્ઠા સર્વોચ્ચ શિખરે પહોચ્યાં હતાં? શાથી?

➢ કુષ્ણદેવરાયના વિજયોને લીધે વિજયનગરના સામ્રાજ્યનો વિસ્તાર પૂર્વમાં વિશાખાપટ્ટનમ્, પશ્ચિમમાં દક્ષિણ કોંકણ અને દક્ષિણે રામેશ્વરમ્ સુધી થયો. વળી, હિંદી મહાસાગરમાં આવેલા કેટલાક ટાપુઓના શાસકોએ પણ તેની સંવદંપરિતાનો સ્વીકાર કર્યો હતો. કુષ્ણદેવરાય એક મહાન વિજતા હોવા ઉપરાંત કુશળ વહીવટકર્તા તથા સાત્યિ અને કલાનો પોષક હતો. તેણે વિજયો પછી શાસનતંત્રને સુદઢ બનાવ્યું. ડૉ. આર. સી. મજુમદાર લખે છે કે, કૃષ્ણદેવરાયના શાસનકાળમાં વિજયનગરનું સામ્રાજ્ય તેના વિસ્તારની દષ્ટિએ સર્વોચ્ચ પહોંચ્યું હતું. તેની સાથે તેનો યુગ વિદ્યાભ્યાસ, કલા અને સ્થાપતય વિકાસને માટે પણ નોંધપાત્ર છે. આમ, કૃષ્ણદેવરાયના સમયમાં વિજયનગરની સત્તા અને પ્રતિષ્ઠા સર્વોચ્ચ શિખરે પહોંચ્યાં હતાં.

18.વિજયનગરના સામ્રાજ્ય દક્ષિણની સમગ્ર સંસ્કૃતિનો સુમેળ કઈ રીતે સાધ્યો હતો?

➢ વિજયનગરનાં મંદિરોની તંભરચના ખાસ નોંધપાત્ર છે. સ્થાપત્યની સાથે મૂર્તિવિધાન કલાનો પણ વિજયનગરમાં ઉત્કૃષ્ઠ વિકાસ થયો હતો. ત્યાંના અશ્વો, હાથીઓ વગેરેનાં શિલ્પો પણ નોંધપાત્ર છે. આ ઉપરાંત વિજયનગરમાં

સંગીત, નૃત્ય, ચિત્રકામ વગેરે લલિતક્લારોનો પણ સારો વિકાસ થયો હતો. આમ, વિજયનગરના સામ્રાજ્ય દક્ષિણની સમગ્ર સંસ્કૃતિનો સુમેળ સાધ્યો હતા